રાજ્ય સરકારની સર્વે કચેરીઓના ડ્રાઈવરોને
ગણવેશ/ગરમ ગણવેશના કાપડ, સિલાઈ તથા
બુટની રકમ રોકડમાં આપવા અંગે.

Office of the Registrar
A. A. U., ANAND.
27 SEP 2013
INWARD No. 9599

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- ડવર/૧૦૨૦૧૦/૪૧૪૯/ખ-૩,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૮/૨૦૧૩.

વંચાણે લીધો:- (૧) સા.વ.વિ.નો તા. ૧૦/૦૪/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક:-ડવર/૧૦૮૯/૬૬૭૧/ખ-૩
(૨) સા.વ.વિ.નો તા. ૦૨/૦૩/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:-ડવર/૧૦૯૭/૨૭૦/ખ-૩.
(૩) સા.વ.વિ.નો તા. ૦૨/૦૪/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:-ડવર/૧૦૯૭/૨૭૦/ખ-૩.

આમુખ:-

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૪/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક: ડવર/૧૦૯૭/૨૭૦/ખ-૩ અન્વયે રાજ્ય સરકારની સર્વે કચેરીઓના ડ્રાઈવરોને ગણવેશ માટે દર વર્ષે બે જોડ કાપડની કિંમત પેટે રૂ. ૪૭૬/- (અંકે રૂપિયા ચારસો છોંતેર પુરા) અથવા કાપડની ખરેખર ખરીદ કિંમત એ બે પૈકી જે ઓછી હોય તે રકમ આપવાના હુકમો કરવામાં આવેલ છે. આ પ્રમાણે નિર્ધારિત કરેલ રકમની મર્યાદા વધારવા માટે ધી સચિવાલય સ્ટાફ ડ્રાઈવર્સ એસોસિએશન અને ધી ગવર્નમેન્ટ ડ્રાઈવર્સ એન્ડ ટેકનિકલ સ્ટાફ યુનિયનો તરફથી સરકારશ્રીને મળેલ રજુઆતો અન્વયે ગણવેશ /ગરમ ગણવેશના કાપડ, બુટ તથા સિલાઇની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ

પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વક વિચારણાને કરીને રાજય સરકારની સર્વે કચેરીઓના ડ્રાઇવરોને હવે ગણવેશ માટેના કાપડ, ગણવેશની સિલાઈ, ગણવેશના ભાગ રૂપે મળતા બુટ, ગરમ ગણવેશનું કાપડ, ગરમ કાપડની સિલાઈ તરીકે નીચે દર્શાવ્યા મુજબની રકમ ચૂકવવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | મળવા પાત્ર રકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ટેરી કોટન ગણવેશ -૨(બે) જોડી , પેંટ -શર્ટના કાપડની કિંમત (દર વર્ષે) | રૂ.૯૦૦/- |
| ૨. | ટેરી કોટન ગણવેશ -૨(બે) જોડી , પેંટ - શર્ટની સિલાઈની રકમ | રૂ.૪૬૦/- |
| ૩. | બુટની રકમ ( દર બે વર્ષે) | રૂ.૪૫૦/- |
| ૪. | ગરમ ગણવેશના કાપડની રકમ (દર ચાર વર્ષે એક વખત) | રૂ ૪૫૦/- |
| ૫. | ગરમ ગણવેશની સિલાઈની રકમ | રૂ ૪૫૦/- |

૨. સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૨/૦૩/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક:-ડવર/૧૦૯૭/૨૭૦/ખ-૩ માં નિર્દિષ્ટ કરવામાં આવેલ અન્ય શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે.

૩. સંબંધિત મહેકમના સેકશન અધિકારી/ઉપ સચિવ શ્રી દ્વારા તેના વિભાગ/કચેરીના ડ્રાઈવરો દ્વારા ગણવેશનું કાપડ ખરીદી, ગણવેશ સિવડાવીને તે નિયમિત રીતે ખરેખર પહેરવામાં આવે છે તેવું

પ્રમાણિત કરાયા બાદ જ તેમના દ્વારા કરવામાં આવેલ ગણવેશના કાપડની ખરીદી તથા તેની સિલાઈના ખર્ચની રકમ ચૂકવવામાં આવશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૫/૦૬/૨૦૧૩ના રોજ મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. બી. ઝાલા

(ડી.બી. ઝાલા)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ રવાના:-

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
- સર્વે મંત્રીશ્રીઓ /રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી.
+ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
+ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
+ રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી-૨, ગુજરાત રાજ્ય, રાજકોટ .
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- રેસીડેન્ટ ઓડિટ ઓફિસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણા વિભાગ/ચ-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો. આ સૂચનાઓ તેમના વિભાગ હેઠળની સર્વે ગ્રાન્ટ-ઈન-ઈએડ સંસ્થાઓના ધ્યાને લાવવાની વિનંતી સહ.
- સર્વે ખાતાના વડાની કચેરીઓ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- સામન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- મહામંત્રીશ્રી, ધી સચિવાલય સ્ટાફ ડ્રાઈવર્સ એસોસિએશન, ગુજરાત રાજ્ય, સરદાર ભવન ગાંધીનગર.
- મહામંત્રીશ્રી, ધી ગવર્નમેન્ટ ડ્રાઈવર્સ એન્ડ ટેકનિકલ સ્ટાફ યુનિયન (ગુજરાત રાજ્ય), ગાંધીનગર.
- વિશિષ્ટ ફાઈલ.
- ના.સે.અ. વિશિષ્ટ ફાઈલ.

-----------------------

+ પત્ર દ્વારા.

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.

૧. હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ

૨. હિસાબી અધિકારીશ્રી(કેશ)/વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, આ.કૃ.યુ.,આણંદ

૩. યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા તમામ ડ્રાઇવર કર્મચારીઓને વંચાણે લેવા સારૂ.

નં. આકૃયુ/રજિ/સંકલન/ ૮૭૬૨ /૨૦૧૩

તા.૨૭/૧૦/૨૦૧૩

કુલસચિવ

નકલ રવાનાઃ

આ કચેરીની એડીએમ શાખા-૩ તરફ.